જાહેર સાહસોના અધ્યક્ષ/ઉપાધ્યક્ષને
<u>મળવાપાત્ર માનદ વેતન બાબત.</u>

ગુજરાત સરકાર,
નાણા વિભાગ.
ઠરાવ ક્રમાંક:જનવ/૧૦-૨૦૧૪/૪૭૩૯૦૨(૧)/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૬/૦૯/૨૦૧૪

વંચાણમાં લીધા:- (૧) પરિપત્ર ક્રમાંક: જનવ-૧૪૮૨-૧૯૬૬-અ, તા.૦૯-૦૮-૧૯૮૮.

**પ્રસ્તાવના :**

સરકારશ્રી ધ્વારા રાજયના જાહેર સાહસોમાં નિમવવામાં આવતાં બિન સરકારી અંશતઃ સમયના અધ્યક્ષને માસિક માનદ વેતન તરીકે રૂા.૨૫૦૦/-અને ઉપાધ્યક્ષને રૂા.૧૫૦૦/- ચૂકવવાનું, ઉકત વંચાણમાં લીધેલ પરિપત્રથી, નકકી કરવામાં આવેલ. ત્યારબાદ તેમાં કોઇ વધારો કરવામાં આવેલ ન હતો. ઉકત દરો નકકી થયે ઘણો સમય પસાર થઇ ગયેલ હોઇ, તેમાં વધારો કરવાનું સરકારશ્રીની સકીય વિચારણા હેઠળ હતું. પુખ્ત વિચારણાના અંતે માસિક માનદ વેતનના દરોમાં વધારો કરીને, હવેથી નીચે મુજબના દરો આથી ઠરાવવામાં આવે છે.

## <u>ઠરાવ</u>

તા.૧/૦૯/૨૦૧૪થી રાજયના જાહેર સાહસોના બિન સરકારી અંશતઃ સમયના અધ્યક્ષ / ઉપાધ્યક્ષને નીચે મુજબ માસિક માનદ વેતન ચૂકવવાનું રહેશે.

(૧) અધ્યક્ષશ્રીને રૂા.૧૫,૦૦૦/- (રૂપિયા પંદર હજાર પૂરા)
(૨) ઉપાધ્યક્ષશ્રીને રૂા. ૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર પૂરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
ઉપ સચિવ (જા.સા)
નાણા વિભાગ

નકલ રવાના:

# - નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજ ભવન, ગાંધીનગર.
- ~~માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,ગાંધીનગર.~~
- માન. મંત્રીશ્રી,(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી. (નાણા)ના અંગત અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.બા.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (જા.સા.) અને સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, નાણા વિભાગ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો,સચિવાલય,નાણા વિભાગ, ગાંધીનગર.
- સર્વે મેનેજીંગ ડીરેક્ટરશ્રીઓ/મુખ્ય કારોબારી અધિકારીશ્રીઓ, સરકારી કંપની/નિગમ/બોર્ડ,ગુજરાત રાજ્ય
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ, ગાંધીનગર- વેબ સાઇટ પર મુકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ
- -------------------------------------------------------

\# પત્ર દ્વારા